શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

# ગુરુકુલ દર્શન

વર્ષ-૯ • અંક-૬ • જૂન-૨૦૧૭

પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

જેમના સાનિધ્યમાં અનેક સંતો-ભક્તો-વિદ્યાર્થીઓરૂપી ચૈતન્ય માળાઓમાંથી
'સ્વામિનારાયણ' મહામંત્રનો ગુંજારવ સભળાયો એવા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના ચરણોમાં રથયાત્રા તથા ગુરુપૂર્ણિમાં મહોત્સવ પ્રસંગે કોટિ કોટિ વંદન

સહજાનંદ ફીડીંગ સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, હસમુખભાઇ ભૂડીયા તથા મહાનુભાવો. આફ્રિકન બાળકોને સ્કુલબેગ તથા અન્ય જરૂરી વસ્તુઓ અર્પણ કરતાં તેમજ રાજકીય મહાનુભાવો સાથે પૂજ્ય સ્વામીજી, મોમ્બાસા

રામજી મંદિર ખાતે યોજાયેલ સત્સંગ સભા, નાઇરોબી

પ્રવેશોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી, દ્રોણેશ્વર ગુરુકુલ

નૂતન સત્રારંભે - પ્રવેશોત્સવ પ્રસંગે યોજાયેલ સત્સંગ સભા, અમદાવાદ ગુરુકુલ

પ્રેમાનંદ મ્યુઝીક એકેડેમી દ્વારા યોજાયેલ સમરકેમ્પની પૂર્ણાહુતિ પ્રસંગે યોજાયો માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ

# ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૯, જૂન : ૨૦૧૭, અંક : ૬

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફિક્સ
તસ્વીર : જી. વિઝન

| | |
|---|---|
| છુટક અંક | : રૂા. ૫/- |
| પંચ વાર્ષિક લવાજમ | : રૂા. ૨૫૦/- |
| ૨૫ વર્ષ લવાજમ | : રૂા. ૭૦૦/- |
| વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ | : $ ૧૧૦/- |

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org


## મોરી બુંદન ભીંજત સારી રે...

મોરી બુંદન ભીંજત સારી રે,

બિહારીલાલ ચલો કુંજન મેં-મોરી૦ ટેક.

ભીંજત સારી મોરી સાસ ઠગારી,

લરી લરી લાલા દેહે મોયે ગારી રે... બિહારી

દમક દામિની જીયરા ચમકત,

બરસત ઘન ગરજત ભારી રે...બિહારી

સુંદરવર મોયે પીતાંબર કી ઓટન,

લેહો ભુજન પસારી રે...બિહારી

રસિક ચતુરવર જુગલ છબી પર,

તન મન ધન પ્રેમાનંદ વારી રે... બિહારી

- સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી

# વહાલપના વેણ

(પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની અમૃતવાણી)

**એ**ક ગામમાં એક ભરવાડ રહે, ઘેટાં બકરાં ચરાવીને ગુજરાન ચલાવે. એક દિવસ જંગલમાં બકરાં ચારતાં ચારતાં એણે એક સિંહનું નાનું બચ્ચું જોયું. તે સંજોગોવશાત્ સિંહણથી છૂટું પડી ગયેલું. ભરવાડે સિંહના બચ્ચાને ઉપાડી લીધું અને ઘરે લાવ્યો. બચ્ચુ તદ્ન નાનું હોવાથી બકરીનું દૂધ પીને ઉછરવા લાગ્યું.

બચ્ચું સમય જતા ધીરે ધીરે આસપાસના વાતાવરણથી ટેવાઈ ગયું. બકરાંની સાથે હળી-મળી ગયું. ઉછેર અને સંગફેરના પ્રભાવે તેને પોતાની મૂળ જાતિનું ભાન જ ન રહ્યું. જે સિંહ ભૂખે મરી જાય પણ ઘાસ ન ખાય, એ જ સિંહનું બચ્ચું બકરાંની સાથે ઘાસ ખાતાં પણ શીખી ગયું.

બકરાંની સાથે રહેવાનું બકરાં સાથે ખાવાનું, બકરાં સાથે ફરવાનું; તેથી બકરાંના બધા જ ગુણ તેમાં આવવા લાગ્યા. હવે તો એ બચ્ચુ મોટુ થયું અને સિંહ થયો, પણ સિંહનો એકેય સ્વભાવ એમાં જણાયો નહીં.

એકવાર બધાં બકરાં જંગલમાં ચરતાં હતાં. પેલું સિંહનું બચ્ચું પણ હવે માટું થયું હતું, તે પણ બધા સાથે ઘાસ ચરતું હતું. એવામાં અચાનક કેસરી સિંહ આવી ચડ્યો અને ભયંકર ગર્જના કરી બકરાનાં ટોળા ઉપર તૂટી પડ્યો. બધાં બકરાં બીકથી એકદમ નાઠાં. સાથે સાથે પેલો સિંહ પણ નાઠો.

જંગલનો બેતાજ બાદશાહ કેસરી સિંહ આ જોઈને એકદમ આશ્ચર્યમાં પડી ગયો કે, અરે ! મારો જાતભાઈ આ બકરાં ભેળો ક્યાંથી ? અને એ પણ કેમ બીકથી નાસે છે ? વસ્તુસ્થિતિનું માપ કાઢી વનરાજે દોડીને તેને પકડી પાડ્યો અને પૂછ્યું, "એલાં ! તું સિંહ થઈને આ બકરાં ભેળો ક્યાંથી ?" પણ પેલો તો થરથર કાંપે કે, હમણાં મને મારી નાખશે.

સિંહે તેને ધીરજ આપતા કહ્યું, 'તું મારાથી ડરે છે શા માટે ? તું તો મારા જેવો જ વનરાજ છો, બકરું નથી. બકરાં હોય તે બીએ. વનરાજ તે કદી બીતો હશે ?"

ધીરે ધીરે સમજાવી વિશ્વાસમાં લઈને સિંહે કહ્યું, "ચાલ તને ન મનાતું હોય તો તને તારું અસલ સ્વરુપ ઓળખાવું." એમ કહીને સિંહે પેલા બિકણ સિંહને નદીના નિર્મળ ધરા પાસે લઈ ગયો અને તેમાં તેનું પ્રતિબિંબ બતાવી પોતાની સાથે તુલના કરતાં કહ્યું, 'જો તો ખરો ! તું પણ મારા જેવો જ કેસરી સિંહ છે. તું નાનપણથી બકરાં ભેગો ઉછર્યો તેથી તું તારા અસલ સ્વરૂપને ભૂલી ગયો છે. આ બકરાંઓ તો તારું ખાજ છે. જેમ મારી ગર્જનાથી એ ભાગ્યા એમ તારી ગર્જનાથી પણ એ ભાગશે. અનુભવ કરી જો."

પેલા બીકણ સિંહે કંપતે કંઠે ગર્જના કરી. ગર્જના સાંભળી આસપાસના પશુઓ ભયથી ભાગવા લાગ્યા. બીકણ સિંહને હિંમત આવી. સાચા સિંહે યુક્તિથી એના મૂળ સ્વભાવ અને શૌર્યને જાગૃત કર્યાં. પછી તો એ સિંહ પણ વનરાજ થઈ જંગલમાં કોઈના ડર વિના સ્વતંત્ર વિહાર કરતો બની ગયો.

આપણા જીવાત્માની પરિસ્થિતિ પણ આ બીકણ સિંહ જેવી છે. માયા ભરવાડરૂપે છે. ઈન્દ્રિયો, અંતઃકરણ અને માયિક દોષો બકરાં જેવાં છે. માયા દ્વારા આ બધાની સાથે આત્માનો ઉછેર થયો. તેથી આત્મા પોતાનું વનરાજપણું, વનમાં સ્વતંત્ર નિર્ભય વિહાર અને આનંદનો આહાર ભૂલી ગયો અને વિષય રૂપી ઘાસ ખાવા શીખી ગયો છે. માયાની ટોળકીના બધા દોષ આત્મામાં આવી ગયા છે.

માયાના ગુણોથી પર થઈ બ્રહ્મરૂપ થયેલા ભગવાનના એકાંતિક ભક્તો સાચા સિંહ સમાન છે. જીવાત્માને માયાની સાથે માયાના વિષયોમાં ચરતો જોઈ એ સંતોને કરુણા ઉપજે છે અને જીવાત્માને પોતાના સાચા સ્વરૂપનું ભાન કરાવે છે. તેઓ પોકારી પોકારીને ઉપદેશ આપે છે "तत्त्वमसि-तत्त्वमसि" 'તું તે છે-તું તે છે.' અત્યારે તું જેવો તને માને છે, તેવો માયાના દોષથી ખરડાયેલો તું નથી, પણ અનંત ગુણ અને અપાર શક્તિસંપન્ન પરમાત્માનો તું અંશ છો."

સંતોના ઉપદેશથી મુમુક્ષુને સાચા આત્મ સ્વરૂપનું ભાન થાય છે અને ત્યારે મુક્તાનંદ સ્વામી લખે છે કે--

**"કેસરી કેરા ગંધથી કરિ કોટી ત્રાસે રે;**
**તેમ આત્માના ઉદ્યોતથી અજ્ઞાન નાસે રે."**

એક બાજુ અનેક હાથીઓનું ઝુંડ અને એક બાજુ કેસરી સિંહ એકલો, પરંતુ કેસરી સિંહની ગંધ માત્રથી હાથીઓ ત્રાસીને નાસી જાય છે. તેમ આત્માના મૂળ સ્વરુપનો ઉજાસ થતાં માયાના દોષ તો ક્યાંય ભાગી જાય છે. આત્માના એ ઝળહળતા પ્રકાશમાં અજ્ઞાનના અંધારાં ક્યાંય લીન થઈ જાય છે.

★★★★

જ્યારે આ જીવની અંતિમ યાત્રા શરૂ થશે, ત્યારે આખી જીંદગી કાળાં-ધોળાં કરી પરસેવો પાડીને ભેગું કરેલું દ્રવ્ય જ્યાં દાટ્યું હશે ત્યાં પૃથ્વીમાં, તિજોરીમાં કે બેંકોમાં જ પડ્યું રહેશે. ખેતીવાડી, ઢોર-ઢાંખર, ઉત્તમ જાતના ફર્નીચરોથી સજાવેલા બંગલાઓ, અન્ન-ધન-સંપત્તિ ઘરમાં જ પડી રહેશે. જેને ઈશારે આખી જીંદગી નાચ્યા તે ઘરની ઘરવાળી અંતિમ યાત્રામાં ઘરના ઉંબરા સુધી જ વળાવા આવશે. દેહના સગા-સંબંધી શ્મશાન સુધી જ સાથે રહેશે. જેના પોષણ માટે કેટલાં કેટલાં પ્રયાસો અને પાપો કર્યાં છે તથા અમૂલ્ય જીવનનો મોટો ભાગ જેની ગુલામીમાં વીતાવ્યો છે, તેવું પોતાનું શરીર પણ અંતિમ યાત્રામાં સાથે આવવાનું નથી. તે ચિત્તામાં બળીને ભસ્મ થઈ જશે. આ લોકમાંથી સર્વસ્વ છોડીને એકલા આત્માકલ્યાણને પંથે આગળ વધવાનું છે. પરંતુ એ પહેલેથી જ મૂળ વતનમાં શુભકર્મોની મિલ્કત ભેગી કરવાનો પ્રયાસ કર્યો હશે તો વાંધો નહીં આવે. નહીંતર રસ્તાના રઝળતા ભિખારી પેઠે સંસાર ચક્રમાં ભટકવું પડશે.

★★★★

**કર્તવ્યો નૈવ સંગ્રહઃ** ॥ માનવ જન્મનો ઉપયોગ જગત ભૂલવા માટે અને ભગવાન ભજવા માટે છે. પૈસા કમાવા એ માનવ દેહની કમાણી નથી. પૈસા તો દેહ નિર્વાહનું અને ગૃહસ્થાશ્રમ ચલાવવાનું સાધન છે. સામાન્ય લોકવ્યવહાર ચાલે એટલા પૂરતા પૈસા પાછળ પ્રયાસ કરવો, પણ એથી વધુ પ્રયાસ ન કરવો. આવશ્યકતાથી વધુ સંગ્રહ કરવો તે અયોગ્ય અને જે ધન પ્રાપ્તિ થાય તેમાંથી દશાંશ-વિશાંશ ભાગ દ્રવ્ય શુદ્ધિ માટે કાઢવાની શાસ્ત્ર આજ્ઞા છે. ધર્મસ્થાનોમાં જે દ્રવ્ય-ભેટ આવે તેનો પણ કેવી રીતે અને શી શી સદ્પ્રવૃત્તિમાં સદુપયોગ કરવો તે વિષેની આજ્ઞા ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આપી છે, તે ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. ભગવાન સ્વામિનારાયણ તો થોડું દ્રવ્ય ભેગું થાય કે તુરત જ જનકલ્યાણના કાર્યો, યજ્ઞો, ઉત્સવો, સદાવ્રતો કરવા તથા વાવ-તળાવો ગળાવવા વગેરેમાં વાપરી નાખતાં.

★★★★

**સંતોષઃ પરમં સુખમ્** ॥ સમજુ મુમુક્ષુઓએ સંસારમાં સંતોષની વૃત્તિ કેળવવી. આ સભામાં એવા દૈવી અને સંતોષી જીવો બેઠાં છે જેની જીવનરીતિ સાંભળી આપણને આશ્ચર્ય થશે. પોતે ગામડામાં રહે છે, અભણ છે, ઘરમાં બાપ અને યુવાન દીકરો એમ બે જ જીવ છે. બન્નેએ નિર્ણય કર્યો છે કે આપણા ઘરમાં ત્રીજો જીવ ન જોઈએ. યુવાન પુત્રે ન પરણવાનો નિશ્ચય કર્યો છે. પોતે પિતાની સેવા કરે છે, ઘરે ચાલીસ વિઘા જમીન છે પણ બળદ રાખતા નથી. ગાય રાખતા નથી. પ્રાચીન ઋષિઓની પેઠે જીવન જીવે છે. કોદાળીથી ખેતર ખોદી દાણાં છાંટી આવે છે. જે થોડો-ઘણો જુવાર-બાજરો થાય તેથી બે જીવનો જીવનનિર્વાહ આનંદ પૂર્વક ચાલે છે. "જીવનનું મુખ્ય કાર્ય તો ભગવાન ભજવાનું છે. પાશેરના પેટ ખાતર વધારે પડતી પળોજણ અને પાપ કોણ કરે !!" આ તેમના જીવનની ટૂંકી અને સીધી-સાદી છતાં મહાન વિચારધારા છે. આજે જગતમાં ત્રીજો જીવ ન જોઈએ તેવા સદ્વિચાર કરનારા જીવો કેટલાં ?! બૈરા-છોકરા અને સંપત્તિ માટે તો માથા કપાય છે, જ્યારે આ મુમુક્ષુઓનું જીવન એથી તદ્દન વિપરીત છે. ભગવાનના માર્ગમાં વિદ્વાન-અવિદ્વાન, ગરીબ-તવંગર, બાળક-વૃદ્ધનો કાંઈ મેળ નથી. સંસારના સુખમાંથી ઉદાસ થઈને પંચવિષયના રસ ઓછા થશે ત્યારે જ ભગવાન રાજી થશે.

★★★★

"નાશવંત આ દેહ વડેથી, અવિનાશી ફળ લેવુંજી."

પેટ તો કાગડા કૂતરા અને ભૂંડણા પણ ભરે છે. માનવ જીવનનું મુખ્ય કર્તવ્ય તો આત્મકલ્યાણ સાધવાનું છે. સોનાની દુકાને બે ઘરાક એકી સાથે આવે. એક માણસ બે-ત્રણ તોલા ચાંદીની વીંટીનું કામ લઈને, બીજો ત્રીસ તોલા સોનાનું કામ લઈને આવે, તો સોની ક્યા ઘરાકને વધુ મહત્ત્વ આપે ? સ્વાભાવિક રીતે જ તે ત્રીસ તોલા સોનાવાળાને વધુ મહત્ત્વ આપે. કારણ કે તેમાં વધુ લાભની આશા છે. તે જ પ્રમાણે આત્મા અને પરમાત્માની પ્રાપ્તિરૂપ કાર્ય આગળ જગતના સર્વે કાર્યો અને સુખ એક તોલા ચાંદી જેવા છે. એક તોલા ચાંદી પાછળ સમય બગાડી ત્રીસ તોલાનો સોદો ગુમાવી ન બેસવો.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે "કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારી લેવો, કદાચ કરોડ કામ સુધર્યા પણ એક મોક્ષ બગડ્યો તો શું થયું?"

સાચા સંતોના યોગમાં રહી લૌકિક સુખને તુચ્છ જાણી, સ્વભાવોને ઓળખીને ટાળવાનો પ્રયાસ કરી, ભગવાનની ભક્તિ કરી ભગવાનને પ્રસન્ન કરી લેવા એ જ આ નાશવંત દેહ વડે અવિનાશી ફળની પ્રાપ્તિ છે.

★★★★

"જે થકી આ સમસ્ત ભૂત પ્રાણી માત્ર ઉત્પન્ન થાય છે, જે ઉત્પન્ન થયેલાનું પાલન કરે છે અને અંતે આ સમસ્ત વિશ્વ જેમાં વિલીન થાય છે તે સૃષ્ટિનું કારણ તત્વ પરબ્રહ્મ છે. તેની જીજ્ઞાસા કરવી." કારણ કે જાણવા જેવા તો તે પરમેશ્વર એક જ છે. આ શ્રુતિ વાક્યોને દ્રષ્ટિ સમક્ષ રાખીને વ્યાસજીએ મંગલાચરણ કર્યું છે. જન્માદ્યસ્ય યતઃ - 'જે થકી આ બધુ ઉત્પન્ન થાય છે, જે આ બધાનું પાલન કરે છે, જે આ બધાને પોતામાં લીન કરે છે તેવા પરમ સત્ય તત્વનું હું ધ્યાન કરુ છુ.' અને પછીના અધ્યાયોમાં સૃષ્ટિની ઉત્પત્તિના વર્ણન દ્વારા સિદ્ધ કર્યું છે કે આ સૃષ્ટિ નારાયણી છે. સૃષ્ટિના મૂળ કારણ નારાયણ છે. સૃષ્ટિ પરિવર્તનશીલ છે. નારાયણ અપરિવર્તન શીલ છે. પરિવર્તનશીલ સૃષ્ટિમાં વ્યાપક હોવા છતા સૃષ્ટિના વિકારો જેને સ્પર્શી શકતાં નથી. માટે જ તે પરમ સત્ય છે. ધ્યાન કરવા યોગ્ય અને ધ્યેય પણ એ જ છે.

આ સર્વોચ્ચ સત્તાધીશ પરમાત્માએ સુંદર વિશ્વ સર્જ્યું છે અને સૃષ્ટિના પાલન માટે સાવચેત પણ છે. જ્યારે જ્યારે વિનાશક શક્તિદ્વારા સુંદર વિશ્વ છિન્ન ભિન્ન થવા લાગે છે, ત્યારે ત્યારે અચૂક એના રક્ષણ માટે એ અવતાર લઈને પહોચી જાય છે. સંપૂર્ણ ભાગવતમાં વિશ્વ નિયામકની આ અવતાર કથાઓનું નિરુપણ છે, જે ભાગવતરૂપી સુંદર પુષ્પમાળાને ગુંથનાર એક સૂત્રનું કાર્ય કરે છે. માટે જ આ ભાગવત મહાપુરાણના નાયક વિશ્વનાયક પોતે જ છે.

★★★★

માયામાંથી જન્મેલા જીવો માયાના દોષથી ખરડાયેલા છે. કાદવમાં ચાલે અને પગ કાદવવાળા ન બને તેવું ન બને. સમજુ માણસ કાદવ ધોવાનો પ્રયાસ કરે છે. અનાદિ કાળથી રૂઢ થયેલા સ્વભાવો માયાનો કાદવ છે. મુમુક્ષુ કાદવ ધોવા માટે યત્ન કરે છે. બીજાને તો કાદવ એટલો બધો સદી ગયો છે કે તેમાંજ તેને આનંદ છે. જેમ વિષ્ટાના કીડાઓને વિષ્ટામાં આનંદ છે તેમ જગતના જીવો માયાના કાદવમાં જ મસ્ત છે.

જગત લગભગ માંદુ છે. તે ચાલી જ શકતું નથી. પણ ક્યાં ? સ્વભાવ છોડી ભગવાન ભજવાના માર્ગે. જગતના વિષયસુખના માર્ગે કોઈ માંદુ નથી. બધા દોડાદોડ કરે છે. ખેડૂત લ્યો કે વેપારી લ્યો, અમલદારો લ્યો કે અફસરો લ્યો, રાજયના મોટા મોટા નેતાઓને લ્યો કે પોતાની જાતને બુદ્ધિવાદી તરીકે બિરદાવતા બુદ્ધિજીવીઓને લ્યો, વકીલોને લ્યો કે ડૉક્ટરોને લ્યો. બધા જ માયાના આનંદમાં મસ્ત છે. બધા જ પોતપોતાના સ્વભાવમાં રમે છે. કેટલાક દૈવી જીવો સ્વભાવો છોડી ભગવાનને રસ્તે ચાલવાનો પ્રયત્ન કરે છે, પણ પાછા માંદા થઈ જાય છે. કારણ કે ભગવાનને રસ્તે ચાલ્યા પછી પણ સ્વભાવો અવરોધ કરે છે. પોતાના હૃદયમાં એવું અભિમાન જાગે છે કે "હું બરાબર ભગત છું" ત્યારે એ રોકાઈ જાય છે. અભિમાનથી આગળ વધી શકતું નથી.

સ્વભાવો ટાળવા એ મુમુક્ષુનું પ્રથમ કર્તવ્ય છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે કે સ્વભાવો આગળ નિગ્રહનું જોર ચાલતું નથી. વચનામૃતમાં મહારાજે સ્વભાવ ટાળવાનાં ઉપાયો બતાવ્યા છે. પુરુષાર્થની સાથે સાથે સાચા સત્પુરુષોના સમાગમથી તથા ભગવાનની કૃપાથી સ્વભાવો સહેજે ટળે છે.

સંતો આપવા માટે જ બેઠા છે. પણ આપી કોણ શકે ? જેની થેલી ભરેલી હોય તે. ખાલી થેલીવાળો દાન કઈ રીતે કરી શકે ? સાચા એકાંતિક સંતોની થેલી નવધાભક્તિ અને ભગવત્કૃપાના સાધનોથી ભરપુર હોય છે. મુમુક્ષુનું કર્તવ્ય એ છે કે એવા સંતોના યોગમાં રહી સ્વભાવો ટાળવાનો-ભગવતપ્રાપ્તિનો પ્રયાસ કરવો અને પોતાના ક્ષણભંગુર માનવ જીવનને સાર્થક કરી લેવું.

★★★★

કેવળ ઈન્દ્રિયો અંતઃ કરણના નિગ્રહ રુપી તપથી કોઈ વિશેષ હેતુ સરતો નથી. આવું તપ તો તામસી તપ છે. ઈન્દ્રિયોની વૃત્તિઓને વિષયમાંથી પાછી વાળી તેની દરેક ક્રિયામાં ભગવાનનો સંબંધ જોડી દઈ તે વૃત્તિઓને ભગવન્મય બનવવાનો પ્રયાસ કરવો તે જ સાચું તપ છે, દિવ્ય તપ છે.

વચનામૃતમાં પણ શ્રીજી મહારાજે આવા તપ માટે કહેલ છે- ભગવાનનો ભક્ત હોય અથવા તો જગતના જીવો હોય તે બેમાંથી કોઈપણ પંચવિષય વિના રહી શકતા નથી, પરંતુ જગતના જીવો જગત સંબંધી પંચવિષયને ભોગવે છે જ્યારે ભગવાનના ભક્તના પંચવિષયો ભગવાન સંબંધી હોય છે.

# ગુણાતીત ગુરુદેવની ગુણગાથા

## પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

લેખક -: વિદ્યાર્થી હિતેન્દ્ર કાલરિયા

**ભા**રત વર્ષ એ સંત-ભગવંત પ્રધાન પુણ્યભૂમિ છે. યુગે યુગે ભગવદ્ અવતારી, ઋષિ-મહર્ષિઓ અને ભક્તરત્નોના આગમનથી સનાતન ધર્મની કિર્તી દિગંતમાં વ્યાપતી રહી. સંપ્રદાય એ સંસ્કૃતિનો કેવળ પડછાયો નહી, પરંતુ પ્રબળ પાયો છે. ૧૮મી સદીના પૂર્વાર્ધમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યથી ભારતીય સાર્વભૌમ સંસ્કૃતિનો અભ્યુદય થયો. જેમાં સોરઠમાં સ્થિત ગરવા ગિરનારની ગોદમાં પાંગરેલી ગુણાતીત સંત પરંપરાનું અભૂતપૂર્વ યોગદાન રહ્યું છે.

ત્રિગુણથી અતીત અને એકાંતિક અક્ષરમૂર્તિ હતા સદ્‌ગુરુ શ્રી ગુણાતિતાનંદ સ્વામી. તેમની બ્રહ્મશિક્ષા અને દીક્ષાને પ્રાપ્ત કરી નખશિખ શુદ્ધ અને સિદ્ધ સંતવર્ય સદ્‌ગુરુ શ્રી બાલમુકુંદદાસજી સ્વામી થયા. તેઓના અનુગામી તરીકે ધર્મમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ધર્મસ્વરૂપદાસજી સ્વામી રહ્યા. તેઓના પ્રધાન શિષ્ય એટલે શાસ્ત્રજ્ઞ અને સ્થિતપ્રજ્ઞ સદ્‌ગુરુ પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામી. એ પુરાણી સ્વામીનું શિષ્યત્વ સ્વીકારી ધર્મ સાથે શિક્ષણ ઉત્થાન અને સમાજ કલ્યાણનો રાહ કંડારનાર ૨૦મી સદીના યુગવિભૂતિ સદ્વિદ્યા સદ્ધર્મરક્ષક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી હતા. જેઓએ ગુણાતીત સંતમાળામાં સુમેરુનું સ્થાન મેળવી, નૂતન દૃષ્ટિકોણ કેળવી સત્સંગ સમાજને ક્રાંતિના પંથે પ્રમાણિત કર્યો છે. એવા પુનિત સંતના ચરણોમાં એમના ૧૧૬માં જન્મદિન પર્વે.... શત શત વંદન સાથે એમના શ્રેયગુણોનું આચમન કરી આત્મતૃપ્ત બનીએ.

## બાળપણથી મુમુક્ષુતા

સંવત ૧૯૫૭ અષાઢી - બીજ રથયાત્રાના પર્વે અમરેલી જીલ્લાના તરવડા ગામે અવતરેલ એ મહામુક્તનું બાળપણનું નામ અરજણ. પિતા ભૂરાભાઈ અને માતા વિરૂબાઈ. કણબી કુળ અને લાખાણી કુટુંબ. પૂર્વના આ દૈવીજીવને સેવા, ભજન અને સંતોનો સહવાસ ખૂબ ગમે. ઘર, મંદિર અને શાળા એમના જીવન ઉત્કર્ષના સ્થાનો હતા. ઈ.સ. ૧૯૦૮માં તરવડા ગામે પધારેલા સમર્થ સંતવર્ય સદ્‌ગુરુ શ્રી બાલમુકુંદદાસજી સ્વામીને આઠ વર્ષના અરજણે વિનંતી કરતા કહ્યું, 'સ્વામી ! મને કંઠી બાંધોને !''

ત્રણ વર્ષ પછી ફરીથી એ જ બાળકે જિજ્ઞાસા પૂર્વક કહ્યું, 'સ્વામી ! મને ધ્યાન શીખવોને !''

બાળહૃદયમાંથી ઉઠતી સાધના રુચિને જોઈ હીરા-પારખું એ સંત પામી ગયા કે 'આ ખરો મુમુક્ષુ જીવ છે. જરૂર આગળ જતાં એકાંતિક સ્થિતિ મેળવશે.'

મુમુક્ષુતાની સાથે અરજણની તેજસ્વીતા અને એકાગ્રતા અજોડ હતી. નિશાળની ગુણવત્તા તપાસવા આવેલા અધિકારી સાહેબના પૂછેલા પ્રશ્નનો જવાબ આપી ચોથા ધોરણમાં અભ્યાસ કરતા અરજણે પોતાની પ્રતિભાનો પરચો આપ્યો હતો.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના હેતવાળા ભક્તો શંભુભાઈ, કાળાઆતા, મોહનસિંહજી અને જેસંગભાઈનો સંગ અરજણની મુમુક્ષુતા પોષવા લાગ્યો. સવાર-સાંજ મંદિરે જવાના નિયમધારી અરજણ નિષ્કુળાનંદ કાવ્ય, સ્વામીની વાતો, વચનામૃત વાંચી સંભળાવી સત્સંગીઓને રાજી કરે. આરતી ટાણે ઝાલર વગાડે, મંદિર વાળે અને ઠાકોરજી આગળ હલકથી કીર્તનો બોલે.

એક દિવસ અરજણના મુખે ભાવથી ગવાતા 'અમરના સરદાર હરિ મારા...' કિર્તન સાંભળી વૃદ્ધ લાડુમા ખૂબ રાજી થયા. અરજણને પોતાને ઘરે લઈ જઈ મોસાળ પક્ષેથી મળેલ શ્રીજી પ્રસાદીનો શેરડીનો છોતો આપતા કહ્યું, 'મહારાજ તને મહાન ભક્તરાજ બનાવે !' ૧૦ વર્ષે મળેલ એ મહામૂલી પ્રસાદીને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે જીવનપર્યંત જાળવી પોતાની મુમુક્ષુતા અને મહાનતાનો પરિચય કરાવ્યો.

## ત્યાગ-વૈરાગ્યથી ભરેલા

પૂજ્ય ગુરુદેવના જીવનમાં ત્યાગ-વૈરાગ્યનાં બીજ બાળપણથી જ બોયેલાં હતાં. ઉમેદસંગ અને દાના ભરવાડ સાથે અગિયાર વર્ષનો અરજણ સાધુના દર્શન કરવા માટે હળિયાદના માર્ગે ચાલી નીકળે છે. થાકેલા આ કિશોરોને દેખી રસ્તામાં ગાડાવાળાએ ગાડામાં બેસવાનો આગ્રહ કર્યો. બેઉ મિત્ર તો હડપ કરીને બેસી ગયા પણ અરજણ... ગાડાવાળાએ કહ્યું, "અલ્યા ! તું કેમ નથી બેસતો ?"

"બસ ! ગાડામાં સ્ત્રી બેઠી છે. મારે એ ભેળુ ન બેસાય." કહી નીચું જોઈને ઉઘાડા પગે ચાલતા રહ્યા. હજુ તો ઘર છોડ્યું નથી ત્યાં જ એમની રૂચિ ને પ્રવૃત્તિમાં ત્યાગ-વૈરાગ્યનો વેગ પરખાય છે. ધામમા જવાના બે દિવસ અગાઉ તેમના શબ્દો હતા કે, "હે સંતો ! હું વસ્તુ પદાર્થમાં ક્યાંય બંધાયો નથી. આ સૂરજ જેવી ઉજળી ગોદડીને કદી ડાઘ લાગવા દીધો નથી."

પૂજ્ય ગુરુદેવે આજીવન અયાચક, નિર્લોભ અને નિષ્કામ વ્રતની સારધારતાનો-ત્યાગ-વૈરાગ્યનો આદર્શ માર્ગ રજૂ કર્યો.

ત્યાગ અને વૈરાગ્ય એ સાધુ જીવનનો શણગાર છે એમ પૂજ્ય ગુરુદેવ કહેતા અને રહેતા. તેમણે પાંચ રૂપિયા પણ પોતાને નામે રાખ્યા નથી. પોતે શ્રીજી આજ્ઞાનુસાર અગિયાર વસ્તુથી અધિક સંગ્રહ ન થાય તેનું અનુસંધાન રાખતા. ત્રણ-ત્રણ સંસ્થાના મહંત હોવા છતાં પોતાની પૂજા, પુસ્તકાદિ સઘળી મૂડી પતરાની નાની પેટીમાં સમાયેલ રહેતી. ખાવા-પીવા કે પહેરવા-ઓઢવામાં જે મળે તેમાં સંતુષ્ટ રહેતા. જમવામાં મનને ગમતું કદી માગ્યું નથી કે અલગથી રંધાવ્યું નથી. એકટાણું અને મિષ્ટાન્ન ન જમવાનું આજીવન નિયમ રાખ્યું. સમૂહભોજન અને સમૂહજીવનની પ્રથા રાખી. વર્ષો સુધી પંખા વગર ભોંય પથારીએ આસન કર્યું. સ્વને માટે ઓછામાં ઓછું વાપરી વધુમાં વધુ સમાજને ઉપયોગી થવાની ખેવના રાખનાર પૂજ્ય ગુરુદેવે ધામમાં જવાના દિવસે પણ ડાંડીયું (જરી ગયેલ ભાગને ફાડીને સારા ભાગને સાંધી લે તે) ધોતીયું પહેર્યું હતું.

ખરા અર્થમાં પૂજ્ય ગુરુદેવ **Simple Living** ના **Role Model** હતા.

## ગુરુકુલ સંસ્કૃતિના પ્રણેતા

ઈ.સ. ૧૯૪૭ નો એ સમય હતો. આઝાદીનો ઉષાકાળ. એક બાજુ જ્યારે દેશની આઝાદી માટે પ્રાણ પાથરનારા મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા સિદ્ધપુરુષો હતા, તો બીજી બાજુ દેશની આઝાદી માટે જીવનારા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ જેવા સંતપુરુષ પણ હતા. જેમણે પોતાની આર્ષદૃષ્ટિ વડે સ્વરાજ ભારતને સુરાજ અપાવવાનું સ્વપ્ન સેવ્યું. આઝાદ ભારતને આદર્શ નાગરિકો આપવાની ટેક લીધી. શિક્ષણ સાથે સંસ્કાર અને ધર્મ સાથે સમાજ ઉત્થાનનો નૂતન રાહ કંડાર્યો. પૂજ્ય ગુરુદેવ અધ્યાત્મ માર્ગના મોભી હોવા છતાં, અન્યથી અતિરિક્ત ઐહિક આચાર અને વૈદિક વિચારોને લીધે હજારો જીવોના સુધારક અને લુપ્ત થયેલ ગુરુકુલ સંસ્કૃતિના પુનરોદ્ધારક બન્યા. એ વિરલકાર્યનું ઉદ્‌ગમ આ મુજબ હતું :

પૂજ્ય ગુરુદેવે જૂનાગઢ મંદિરના મહંતપદેથી નિવૃત્ત થઈ આંતર સાધના-આરાધના માટે નગાધિરાજ હિમાલય પ્રતિ પદયાત્રા પ્રયાણ કર્યું. "સાધુ સમાજનો સેવક છે. સમાજના પૈષે ઉદરપોષણ અને વસ્ત્ર-પદાર્થ મેળવતો હોવાથી ઋણી પણ ખરો ! જો એમના સમય-શક્તિનો ઉપયોગ સત્સંગ, સમાજના ઉત્થાન અને લોકકલ્યાણ માટે ન થાય તો સાધુ જીવન શૂન્યવત્ છે." વગેરે ક્રાંતિકારી વિચારક અને ધારક આ કર્મયોગી સંતજીવનમાં એક ઘટનાએ અજબ ઘાટ ઘડી આપ્યો.

રૂદ્રપ્રયાગ પહોંચતા પૂજ્ય ગુરુદેવે નાના-નાના બ્રહ્મકુમારોને રઘુવંશના પાઠ શિખવતા વૃદ્ધ સંન્યાસીને જોયાં. મનમાં થયું જો વૃદ્ધવયે પણ આ મહર્ષિ માનવઉત્કર્ષ કરતા હોય તો જુવાન વયે મારાથી કેમ નહીં ?

ઈશ્વર ઈચ્છાથી શિક્ષાપત્રી પ્રેરિત 'प्रवर्तनीया सद्‌विद्या भुवि यत्सुकृतं महत् ।' સંદેશનો સાક્ષાત્કાર થયો. પુનઃ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ આવી સાત વિદ્યાર્થીઓથી ભાડાના મકાનમાં "શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ" નો શુભારંભ કર્યો.

ખૂબ જ કષ્ટો અને ભીડો વેઠી ન કેવળ સંપ્રદાયમાં પરંતુ સારાએ ભારતવર્ષમાં શિક્ષણનો એક નવા જ અધ્યાયની શરૂઆત કરી. સમય જતાં જુનાગઢ અને અમદાવાદ ગુરુકુલ દ્વારા પૂજ્ય ગુરુદેવે ચૈતન્ય માનવ ઘડવાનું કારખાનું શરૂ કરી સંસ્કૃતિનો અભ્યુદય કર્યો.

## મનાવા-પૂજાવાથી પર

ગુણનિધિ પૂજ્ય ગુરુદેવના સફળ અને સાર્થક જીવનનું આગવું લક્ષણ હોય તો તે છે વ્યક્તિ પૂજાથી પર રહેવું. ભગવદ્ આરાધના, સ્વપુરુષાર્થ અને સમર્થ સંતોના કૃપાપ્રસાદથી સાધુતા, શાસ્ત્રજ્ઞતા અને વ્યવહારિકતાના ગુણોથી વિભૂષીત હોવાં છતાં પોતે પરમેશ્વરના દાસ અને દીન બનીને રહ્યા. મહિમાના અતિરેકમાં પોતાની જય બોલાવા દીધી નથી. પોતાનો ફોટો પૂજાવ્યો નથી. સદાજાગ્રત આ સંતનો એકથી છેક સુધીનો અંતરનાદ હતો કે, 'જય તો સ્વામિનારાયણની જ હોય.'

પૂજ્ય ગુરુદેવ કહેતાં મેં સદ્‌ગુરુ શ્રી બાલમુકુંદદાસજી સ્વામી પાસેથી સાંભળીને સ્વજીવનમાં ઉતાર્યું છે કે, 'સાધુની જય તો....એમના પાર્થિવ શરીરના અગ્નિસંસ્કાર બાદ રાખ ઉડી જાય ત્યાર પછી બોલાવવી. નહી તો માનનો સ્વાદ મહાણમાંથી બેઠો કરે તેવો બળિયો છે.'

દુનિયા ઝુકતી હૈ ઝુકાને વાલા ચાહિયે.... ધર્માંધ લોકોને લાગુ પડતા આ વાક્યના વિવેચક પૂજ્ય ગુરુદેવ પાખંડ પર ધારદાર પ્રહાર કરતાં અને કહેતાં કે, "આ દુનિયામાં કંઈક વાંકુ કરીને છેતરતાં શીખે એટલે ભગવદીય ગણાતાં ભોળાં અને અભણ લોકો તેને પૂજાવાનો પરવાનો આપી દે. બાપજી આઠ-દશને વાંસામાં ધબ્બા મારે અને એકાદ-બેને દિકરાના આશીર્વાદ ફળે એટલે વેવલા ભક્તો વાહ વાહની ઢોલકી વગાડે. પરચા ગાઈ, પુસ્તિકાનો પ્રચાર કરી સૂંઠને ગાઠિયે ગાંધી બનાવી દે. ધર્મગુરુનાં મનમાં થઈ જાય કે હોઉં તો હોઉં અને ગંડવા હાલે. લોકો પગ ધોઈને પાણી પીવે. માથે દૂધના દેગડાં રેડીને નવરાવે, ચારેકોર હો હો ડેકારો ને દેખાડો મચે. અરે ભાઈ ! આલી મવાલી જેવા જો આ જગતમાં પૂજાતા હોય તો શું હું ન પૂજાય શકું ? આ જગતમાં કદાચ જીતી ગયા, પણ પછી શું ??? કુદરતના દરબારમાં કરેલા કરમનો હિસાબ દેવો પડે, ત્યાં નીચું જોવાનું થાય માટે એક નારાયણને કર્તા-હર્તા, કાળ-કર્મના નિયંતા માનીને ગુણ હોવા છતાં ગરીબને ગરજુ રહેવું તેમાં જીવનની સાર્થકતા છે."

પૂજ્ય ગુરુદેવના અંતરની આ હૃદગત ખેવના અને સંવેદના રહેતી.

## કુશળ કેળવણીકાર

સ્વામિનારાયણ સંપ્રદાય એ વાતોનો નહીં, પરંતુ વર્તનનો સંપ્રદાય છે. સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે, 'ગુરુ જ્યારે સોળ આની પાળે ત્યારે શિષ્ય ચાર આની પાળે.' પૂજ્ય ગુરુદેવ સ્વજીવનથી સામેના જીવનમાં પરિર્તન લાવ્યા અને સેંકડો બાળકો, સંતો અને ભક્તોરૂપી શિલ્પ કંડાર્યા તે તેમની સાધુતા, સત્યનિષ્ઠા અને સદ્‌ભાવનો પરિપાક હતો. પૂજ્ય ગુરુદેવે કદી શ્રીજી આજ્ઞા સાથે સમાધાન કર્યું નથી. વૃદ્ધાવસ્થામાં અન્ન-જળ વિના દોઢ-બે દિવસ સુધી રેલ્વેની મુસાફરી કરતા. પૂજ્ય ગુરુદેવને દેખી સંતો કહે, 'સ્વામી ! એસી વર્ષ પછી શાસ્ત્રો પણ છૂટ આપે છે. આપ આ ઉંમરે લાંબા પ્રવાસમાં થોડું અન્ન, પાણી લો તો સારું.'

એવે સમયે પૂજ્ય ગુરુદેવના હૃદયોદ્‌ગાર રહેતા, 'હે સંતો ! એંસી વર્ષ સુધી મેં મારા માટે પાળ્યું છે, હવે હું જે કાંઈ પાળુ છું તે તમારા માટે છે.'

એક સમયે ગુરુકુલના મકાનનું બાંધકામ શરૂ હતું. કામકાજ કરતાં વિદ્યાર્થીથી અજાણતાં એક સાપ મૃત્યુ પામ્યો. પૂજ્ય ગુરુદેવને જાણ થતાં તે દિવસે ઉપવાસ કર્યો. બસ એ જ કારણ કે, સંસ્થામાં થતી નાની મોટી ભૂલનો ભાગીદાર હું પણ ગણાઉં, માટે મારું પ્રાયશ્ચિત મારે જ કરવું રહ્યું. ચાલું સત્રમાં કેટલાક વિદ્યાર્થી ગુરુકુળની બહાર સિનેમાં જોવા ગયેલા. પૂજ્ય ગુરુદેવને ખબર પડતાં વ્યવસ્થાપક દ્વારા નામની યાદી મંગાવી. પણ શું કરે ? કોઈ કબૂલે જ નહી. છેવટે પૂજ્ય ગુરુદેવે સભા ભરીને જાહેરમાં કહ્યું, 'જો તમે તમારી ભૂલ આવા કેળવણીના સ્થાનમાં પણ છાવરતા શિખશો તો પછી સુધરશો કે દહાડે ? તમારા શિક્ષાગુરુને નાતે આ મારી ભૂલ ગણાય. આવતી કાલે હું ઉપવાસ કરીને એનું પ્રાયશ્ચિત કરીશ.'

આ સાંભળી તૂર્તજ તે બાળકોએ ઊભા થઈ પૂજ્ય ગુરુદેવને દંડવત્ કરી માફી માગી. પૂજ્ય ગુરુદેવ પાસે ઉપવાસ ન કરાવતાં પોતે પ્રાયશ્ચિતની તૈયારી બતાવી. પૂજ્ય ગુરુદેવે કહ્યું કે, 'તમે તમારી રીતે કરી શકો છો, પરંતુ હું મારા નિર્ણયમાં અફર રહીશ.'

પ્રાયોગિક ધોરણે કેળવણીના કસબી પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ હતા.

## અનાસક્ત કર્મયોગી

કર્મનો ત્યાગ સહજ છે, પરંતુ કર્મની આસક્તિ છોડવી દુષ્કર છે. પૂજ્ય ગુરુદેવ અનાસક્ત ભાવે પ્રવૃતિ કરનાર યોગપુરુષ હતા. આજે હજારો ભક્તોના હૈયા સાક્ષી પૂરે કે પરમાર્થ અને પ્રભુકાર્યાર્થ માટે આ પરમહંસે પેટ ભરીને ખાધું નથી કે પગવાળીને બેઠા નથી. ગુરુકુલની ગંજાવર પ્રવૃતિના સૂત્રધાર પૂજ્ય ગુરુદેવ કહેતા, 'આ ગુરુકુલ રૂપી ઘંટ મેં કંઈ ગળે બાંધ્યો નથી.' અર્થાત્ સદ્પ્રવૃત્તિનું પણ મારા મનમાં લેશમાત્ર બંધન નથી.

તેમણે ગીરના નેશથી માંડીને છેક ન્યૂયોર્ક સુધીનું વિચરણ કર્યું છે. તેમ છતાં એ મહાપુરુષના દિલમાં ગરીબ કે તવંગર, અભણ કે ઉજળિયાતના ભેદ સ્પર્શ્યા ન હતા. ખરેખર એમના અસાધારણ સંતત્વની શીળી છાયામાં અનાસક્તિનું ઉદીપક કારણભૂત હતું.

પ્રચંડ પુરુષાર્થી પૂજ્ય ગુરુદેવનું શરીર ઈ.સ. ૧૯૭૫ પછીથી વધુ પડતું સાજુ-માંદું રહેવા લાગ્યું. ડૉક્ટરી તપાસનું તારણ એક જ આવ્યું. "સ્વામીએ પોતાની પોણી જીંદગીમાં શરીર પાસેથી ૧૦૦ વર્ષોનું કામ લીધું છે. અથાક શ્રમને લીધે અમુક અવયવો ઘસાયાનો આ દુઃખાવો છે."

પૂજ્ય ગુરૂદેવ સત્તા, સંપત્તિ કે પ્રસિદ્ધિના પ્રલોભનોમાં લોભાયા નથી. તેઓ પ્રત્યેક કાર્ય નિત્ય-પૂજાના શ્રીઠાકોરજીને પૂછીને જ પ્રારંભ કરતા અને પર્વતપ્રાય બનીને પાર પાડતા. ઈ.સ.૧૯૪૫, જુનાગઢમાં વિશ્વશાંતિ યજ્ઞની પ્રખ્યાતીથી પ્રભાવિત આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજે પૂછેલ કે, "શાસ્ત્રીજી ! તમને આ નૂતન આયોજન કોણ આપે છે ? તમારી મદદમાં કોણ રહે છે ?"

ક્ષણનાય વિલંબ વિના પૂજ્ય ગુરુદેવે કહ્યું કે, "સ્વામિનારાયણ ભગવાન !!!"

સ્વજીવનમાં મેળવેલ સર્વશ્રેષ્ઠ સિદ્ધિનો સઘળો યશ ભગવદ્કૃપા અને મોટા સંતોના આશીર્વાદને ગણાવે એ જ અનાસક્ત યોગીવર્યનું પરમોત્તમ પ્રમાણપત્ર હતું.

## અજોડ સેવાકાર્ય

પૂજ્ય ગુરુદેવ હંમેશા સમય કરતાં એક કદમ આગળ ચાલ્યા છે. સ્વપ્રતિભાથી અભૂતપૂર્વ કાર્યો કરી સારાયે સંપ્રદાયમાં સેટેલાઈટના સ્થાને સ્થિર થયા. સવંત ૨૦૦૧ માં ૨૧ દિવસનો વિશ્વશાંતિ યજ્ઞ - ઉત્સવ ઉજવી વૈશ્વિક એકતા - આત્મીયતાનો આદર્શ આપ્યો.

સૌ પ્રથમ અખંડ ધૂન, મંત્ર લેખન, જપયજ્ઞોના આયોજન કરી ભક્તિની ભાગીરથી વહાવી. સાત-સાત વખત યાત્રા ટ્રેઈનનું આયોજન કરી હજારો ભાવિકોને અખિલ ભારતની તીર્થયાત્રા કરાવી, બ્રહ્મસત્રો, જ્ઞાનસત્રોનો આરંભ કરી સેંકડો મુમુક્ષુઓને એકાંતિક સ્થિતિ અને આત્યંતિક મુક્તિ બતાવી. સાહિત્ય પ્રકાશન દ્વારા હજારોના જીવનમાં સુવિચારોનું વાવેતર કર્યું. સંસ્કૃત પાઠશાળાનો પ્રારંભ કરી વૈદિક જ્ઞાનધારાનું સંવાહન કર્યું.

અમેરિકા, આફ્રિકા, ઈંગ્લેન્ડ વગેરે દેશોમાં સત્સંગ વિદેશ યાત્રાઓ યોજી પશ્ચિમી લોકોમાં સદાચાર અને શાકાહારનું પ્રવર્તન કર્યું. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ કે ભૂકંપ જેવી કુદરતી આફતોમાં સંસ્થા દ્વારા અન્ન, વસ્ત્ર અને આવાસની સહાય મોકલી દિન દુઃખિયાના આસું લૂછ્યા. અબોલ પશુ-સેવા માટે કેટલ કેમ્પોના આયોજન કર્યા. ગૌ એવં બ્રાહ્મણોની સેવા દ્વારા સંસ્કૃતિ પૂજનની પ્રેરણા આપી. સાંસ્કૃતિક કાર્યક્રમ કે પ્રદર્શન રચી જનજાગૃતિ કરી. વ્યસનમુક્તિ અભિયાન અને કથાપારાયણો દ્વારા જીવન સુધારણાની આહલેક જગાવી. સરકારશ્રીના સ્વચ્છતા, સાક્ષરતા અને પર્યાવરણની જાળવણીના સેવાકાર્યમાં યથાશક્તિ આહુતી આપીને જીવનવૃદ્ધિ-શુદ્ધિના શિલ્પી બન્યા હતા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ.

કહેતા થોડો પણ સંકોચ નહીં થાય કે, આજે ન કેવળ સંપ્રદાયમાં, સંપ્રદાયથી બહાર ગયેલા, અન્ય સંપ્રદાયના ધર્મસ્થાનો પણ ગુરુકુલ અને ગુરુદેવે બતાવેલ રાહે ચાલે છે અને પોતાના સેવાકાર્યો કરે છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના પગલે પગલે આજે SGVP ગુરુકુલ દ્વારા બાળવિકાસ પ્રવૃત્તિ, શિક્ષણ પ્રવૃત્તિ, સામાજિક સેવા પ્રવૃત્તિ થઈ રહી છે તથા મોટા મોટા મહોત્સવોની સાથે નાનામાં નાના માણસને પણ જોડ્યો છે, તે સેવાની પૂરાએ સમાજમાં નોંધ લેવાઈ રહી છે અને અનેક ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓ SGVP ના આ સેવાકાર્યોને અનુસરી પણ રહી છે.

આવા મહાન ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના ચરણોમાં એમના જન્મ દિવસે તથા ગુરુપૂર્ણિમાના પાવન અવસરે કોટિ કોટિ વંદન કરીને કૃતાર્થતાનો અનુભવ કરીએ.

# સખી સમજણમાં ઘણું સુખ છે...

- સાધુ યજ્ઞવલ્લભદાસ

**ક્વચિદ્ વીણાવાદ્યં ક્વચિદપિ હાહેતિરુદિતં**
**ક્વચિદ્ રામા રમ્યા ક્વચિદપિ જરાજર્જરતનુઃ।**
**ક્વચિદ્ વિદ્વદ્ગોષ્ઠીઃ ક્વચિદપિ સુરામત્તકલહઃ**
**ન જાને સંસારઃ કિં વિષમયઃ કિમ્ અમૃતમયઃ॥**

સંસારના સ્વરુંપને સમજાવતા ભર્તુહરિ કહે છે- ક્યારેક આ સંસારમાં વીણાના સુમધુર સૂરો સંભળાય છે, તો ક્યારેક કોઈનું કરુણ આકંદ સંભળાય છે. ક્યારેક સુંદર રમણીઓ જોવા મળે છે, તો ક્યારેક વૃદ્ધાવસ્થા તથા રોગ ગ્રસ્ત શરીર નજરે પડે છે. ક્યારેક વિદ્વદ્જનોની ગોષ્ઠી સંભળાય છે, તો ક્યારેક સુરાપાન કરીને તોફાને ચડેલા તોફાનીઓના તોફાનો દેખાય છે. આ બધુ જોતા ખબર નથી પડતી કે સંસાર વિષમય છે કે અમૃતમય છે?

સુખ અને દુઃખની ઘટમાળ સતત ચકની માફક ફર્યા જ કરે છે, એ તો સંસારનું ખરૂ સ્વરુપ છે.

'સંસાર છે શેરડીનો સાંઠો, તેમા આવે દુઃખની ગાંઠો.' જેમ શેરડી ખાનારાને સુખ ઉપજે છે, પરંતુ થોડું સુખ ભોગવ્યું હોય ત્યાં દુઃખરૂપી ગાંઠ આવીને ઊભી રહે છે. પછી તે રાજા હોય કે રંક, દરેકને સુખ-દુઃખના પલડે જોખાવું પડે છે.

માટે મુક્તાનંદસ્વામી કહે છે, રાજા ભી દુખીયા રંક ભી દુખીયા, ધનપતિ દુખીત વિકારમેં....

કોઈને શરીરનું દુઃખ હોય, કોઈને મનનું દુઃખ હોય, કોઈને કુટુંબનું દુઃખ હોય, કોઈને રાજ્ય-સમાજનું દુઃખ હોય. દુઃખ અને જગત એક સિક્કાની બે બાજુ છે.

કોઈએ તો કહ્યું છે, 'દુઃખાલયોયં સંસારઃ' આ સંસાર છે એ દુઃખાલય છે. જેમ ઔષધાલયમાં જઈએ તો ઔષધ મળે, તેમ આ દુઃખથી ભરેલા સંસારમાં દુઃખ જ મળે. સુખ જેવું કોઈ તત્ત્વ આ સંસારમાં ભગવાને બનાવ્યું જ નથી. જે સુખ જેવું જણાય છે એ તો દુઃખની વધ-ઘટ છે. જેટલું દુઃખ ઘટે છે, એટલું સુખ જણાય છે.

ઊંટ ઉપર જે બેસે તેને હેલા આવવાના જ. જો એ હેલા સામે ટટ્ટાર રહેવા જાય તો કમર ભાંગી જાય. એ તો ઊંટના હેલાની સાથે સાથે આપણે પણ હેલા લેવા પડે. તેમ સંસારમાં અનેક પ્રશ્નો, દુખો, વિક્ષેપો આવવાના જ. તેમાં સ્થિર અને સુખી રહેવા માટેનો ઉપાય છે, તે છે સમજણ.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

**"પારસમણિ વીના રે જે પથરા રે, તેણે કાંઇ કાંચન તે નવ થાય**
**સમજણ વિના રે જે સાધન કરે, તેણે કાંઇ જીવપણું નવ જાય...**
**સખી સમજણમાં ઘણું સુખ છે."**

અહીં સ્વામી કહે છે, સમજણમાં ઘણું સુખ રહ્યું છે. બધા પથ્થરોથી કાંઈ લોખંડ સોનું ન થાય, પરંતુ જો પારસમણિ હોય ને લોખંડને સ્પર્શ કરે તો તુરત જ લોખંડ સુવર્ણમાં પરીણમે. તેમજ જીવનમાં પણ સમજણરૂપી પારસમણિની ખૂબ જ જરુર પડે છે.

એક ઝવેરીના છોકરાએ બાળપણમા પિતાની છત્રછાયા ગુમાવી. તેની માતાએ ઝવેરાતનો ધંધો શીખવવા છોકરાને તેના મામાની પાસે મૂક્યો. છોકરો ખંતીલો તેથી હોંશે હોંશે બધુ શીખે છે. હીરા-મોતી, સોનુ-ચાંદી વગેરે સાચું છે કે ખોટુ તે પારખતા શીખે છે.

એક દિવસ છોકરાને એના પિતાના સામાનમાંથી હીરાની એક થેલી મળી. છોકરો રાજી થતો થતો દોડતો મામા પાસે ગયો અને મામાને કોથળી બતાવી. મામાએ થોલીમાં રહેલા હીરા હાથમાં લીધા અને છોકરાને કહ્યું, 'આ થેલી તીજોરીમાં મેલી દે. હું કહું પછી કાઢજે.'

થોડા વર્ષો વીતી ગયા. હવે છોકરો હીરા-મોતી-ઝવેરાતના ધંધામાં પારંગત થઈ ગયો. એક દિવસ મામાએ એને બોલાવ્યો અને કહ્યું, 'જા પેલી હીરાની થેલી લઈ આવ.'

છોકરો હીરાની થેલી લઈ આવ્યો. હીરા હાથમાં લીધા અને તપાસ્યા. જોયું તો હીરાને બદલે કાચના ટૂંકડા હતા. છોકરાએ તે ફેંકી દીધા અને મામાને કહ્યું, 'તમને ખબર હતી કે આ હીરા નથી, છતાં ત્યારે કેમ ન કહ્યું?'

ત્યારે મામા કહે, 'બેટા! જો મેં ત્યારે કહ્યું હોત કે આ હીરા નથી, પણ કાચના ટૂંકડા છે તો તને મનાત નહીં. પરંતુ આજે તું પારંગત થયો તો તને જ સાચા ખોટાની પરખ થઈ.'

તેમ જે વ્યક્તિ આ સંસારને પારખી લે છે, સમજી લે છે તેના જીવનમાં સુખ અને દુઃખ સમાન રહે છે.

મહાન ભક્ત તુકારામને ગામલોકોએ વગર વાંકે દંડ આપ્યો. તુકારામનું માથુ મુંડાવ્યું, ચુનો ચોપડ્યો, ગળામાં શાકભાજીના હાર પહેરાવ્યા, અવળે ગધેડે બેસાડી આખા ગામમાં સરઘસ કાઢ્યું. આ બધો કાર્યક્રમ પૂરો થયા પછી તુકારામ હસતા હસતા ઘરે આવ્યા.

તુકારામની હાલત જોઈ તેમના પત્ની રડવા લાગ્યા. તુકારામે રડવાનું કારણ પૂછ્યુ તો કહે, "આપણે ભગવાનનું આટલું ભજન કરીએ, છતા આપણને દુઃખ કેમ?"

ત્યારે તુકારામે કહ્યું, "ભગવાનની આપણા ઉપર અનરાધાર કૃપા છે. આપણે જ્યારે પરણ્યા ત્યારે વરઘોડો નીકળ્યો નહોતો તે કામ આજે પૂર્ણ થયું. આ લીલા શાકભાજીથી આપણા ચાર-પાંચ દિવસ પસાર થઈ જશે. મારે હમણાં હજામત થઈ નહોતી તે કામ વગર ખર્ચે પૂર્ણ થયુ. આમા દુઃખ ક્યાં છે ?" આમ તુકારામને સમજણ હતી તો દુઃખમાં પણ સુખિયા રહી શક્યા.

જગત નાશવંત છે. દેહ, દેહસંબધીઓ, પદાર્થો, સ્થાનો વગેરે નાશવંત છે તેવી સમજણ હોય તો જનક રાજાની પેઠે દરેક પ્રસંગે સુખની અનુભૂતી થાય.

એક દિવસ સોક્રેટીસ ભર બજારે જઈ રહ્યા હતા. પાછળથી કોઈ મનુષ્યે આવી જોરથી લાત મારી. સોક્રેટીસ બજારમાં પડી ગયા. શરીર ધૂળથી ખરડાય ગયું. પણ સોક્રેટીસ તો હસતા હસતા શરીર પરથી ધૂળ ખંખેરી ચાલવા માડ્યા. કોઈકે કહ્યું કે, 'તમને લાત મારી અને તમે તેને કાંઈ ન કહ્યું?'

ત્યારે સોક્રેટીસે સહજતાથી કહ્યું, 'આતો મનુષ્ય હતો, એની જગ્યાએ જો ગધેડો હોત તો?'

જો આવી સમજણ હોય તો જગતમાંથી વૃત્તિ ઉખડી ભગવાનમાં જોડાય અને સુખી રહેવાય.

આખુ જગત જ્યારે પંચવિષય તરફ દોટ મુકી રહ્યું છે ત્યારે તેઓને કોણ કહે કે પંચવિષયમાં આસક્તિ એ જ જીવને જન્મમરણનો હેતું છે. યયાતિએ એક હજાર વર્ષ સુધી વિષય ભોગવ્યા, છતા સુખ શાંતિ ન થઈ અને કહેતો ગયો, 'આખી પૃથ્વીના વિષયભોગ, સોનુ, સ્ત્રીઓ, દ્રવ્યો આ બધુ મળે તો પણ આ જીવને વિષયમાંથી સુખનો અનુભવ થાય તેમ નથી.'

માટે સ્વામીની વાતોમાં કહ્યું છે, 'ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રીઓ કરી ને નંદરાજાએ આખી પૃથ્વીનું ધન ભેંગુ કર્યુ, તો ય દુઃખ આવ્યું. વિષયમાં સુખ છે એવી કલમ તો કોઈ મોટાએ મૂકીજ નથી.'

'અને અંતરમાં ટાઢું રહે ને ધગી ન જાય તેના બે ઉપાય છે. તેમાં એક તો ભજન કરવું અને બીજુ ભગવાનને કર્તા હર્તા સમજવા. ને તેમાં સુખ આવે તો સુખ ભોગવી લેવું ને દુઃખ આવે તો દુઃખ ભોગવી લેવું . તે કહ્યું છે, દાસના દુશ્મન હરિ કદિ હોય નહીં, જેમ કરશે તેમ સુખ જ થાશે.' આમ ભગવાનને જ કર્તાહર્તા સમજવાથી સંસારની મોટાભાગની ઉપાધિના ભારથી બચી જવાય.

જેતપુરના હરજી કાપડીયા તાવથી ખૂબ પીડાય. એટલો બધો તાવ આવ્યો કે દેહનું ભાન પણ ન રહ્યું. સગા સંબંધીઓ એકઠા થઈ એમને ગામના ચોરે એક બાવો હતો તેની પાસે લઈ ગયા. બાવાએ એક દોરો આપ્યો ને કહ્યું, 'આ દોરાને ખાટલે બાંધજો , તાવ જતો રહેશે.' અને દોરો બાંધવાથી હરજીભાઈનો તાવ જતો પણ રહ્યો.

જ્યારે હરજીભાઈને આ વાતની ખબર પડી કે મારો તાવ બાવાએ ઉતાર્યો છે કે તરત જ ખાટલાના પાયે બાંધેલો દોરો તોડી બાવાની પાસે ગયા અને કહ્યું, 'લે તારો દોરો અને લાવ મારો તાવ. તાવ ઉતારે તો એક મારા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ. તારો ઉતારેલો તાવ મારે નથી ઉતારવો.' આમ ભગવાનનું જ સર્વે કર્યું થાય છે તેવી નિષ્ઠા હોય તો કેવું સુખ રહે?

અગતરાઈના પર્વતભાઈને મહારાજે પત્ર લખ્યો કે જે કામ કરતા હો તે પડતું મેલી ગઢડા દર્શને આવવું . મહારાજનો પત્ર મળ્યો ત્યારે પર્વતભાઈ પોતાનો એકનોએક દીકરો જે તાવથી ખૂબ જ પીડાતો હતો તેમની પાસે બેઠા હતા. પત્ર વાચી તરત જ ઘરેથી ચાલી નીકળ્યા. હજી થોડે દૂર ગયા હશે, ત્યાં એક માણસ મારતે ઘોડે સમાચાર આપવા આવ્યો કે તમારા દિકરાનું મૃત્યું થયું છે. ત્યારે પર્વતભાઈએ તે માણસને અંતિમ વિધિ કરવાનું કહ્યું અને પોતે ધાર્યું સર્વે મહારાજનું થાય છે તેમ વિચારી ગઢડા મહારાજના દર્શને ગયા પણ ત્યાંથી પાછા ન વળ્યાં. પર્વતભાઈ ગઢડા મહારાજના દર્શને આવ્યા. મહારાજ ખૂબ રાજી થયા અને છાતીમાં ચરણારવિંદ આપ્યા.

મહારાજે વચનામૃતમાં સીતાજીની સમજણની પ્રશંસા કરતા કહ્યું છે, "જાનકીજીને રામચંદ્રજીએ વનવાસ દીધો ત્યારે જાનકીજીએ અતિશય વિલાપ કરવા માંડ્યો. ત્યારે લક્ષ્મણ પણ અતિશય દિલગીર થયા. પછી સીતાજી લક્ષ્મણજી પ્રત્યે બોલ્યા જે, 'હું મારા દુઃખ સારુ નથી રોતી, હું તો રામચંદ્રજીના દુઃખ સારૂ રોઉં છું. શા માટે જે, રઘુનાથજી અતિ કૃપાળુ છે. તે લોકાપવાદ સારૂ મને વનમાં મૂકી પણ હવે એમ વિચારતા હશે જે, 'સીતાને મેં વગર વાંકે વનમાં મૂકી છે. એમ જાણીને કૃપાળુ છે તે

મનમાં બહુ દુઃખ પામતા હશે માટે રામચંદ્રજીને કહેજ્યો જે, 'સીતાને તો કાંઈ દુઃખ નથી ને વાલ્મીકિ ઋષિના આશ્રમમાં જઈને સુખે તમારૂં ભજન કરશે માટે તમે સીતાને દુઃખે કરીને કાંઈ દુઃખ પામશો મા.' એમ સીતાજીએ લક્ષ્મણજી સંઘાથે કહી મોકલ્યું પણ કોઈ રીતે રામચંદ્રજીનો અવગુણ લીધો નહિ.''

બ્રહ્માનંદ સ્વામીએ વડતાલમાં મહામહેનતે મંદિર બાંધ્યું. મંદિરમાં પ્રતિષ્ઠા થયા બાદ શ્રીજીમહારાજે તેમને મંદિર છોડી પોતાની સાથે આવવા કહ્યું, છતા મનમાં મહારાજનો કોઈ અવગુણ ન આવ્યો જે મને વગરવાંકે મંદિર છોડાવ્યું અને પોતાનો જ અવગુણ લીધો...

**"જેવો તોવો તોય પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે,**
**પેટ પડ્યો તે અવશ્ય પાળવો , વાલમ જુઓ વિચારી રે."**

એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણે આંબા શેઠને પૂછ્યું, "શેઠ ! તમારે દીકરા કેટલા ?''

આંબા શેઠે કહ્યું, "મહારાજ ! બે."

મહારાજે પૂછ્યું, "રૂપિયા કેટલા ?''

આંબા શેઠે કહ્યું, "મહારાજ ! સાઈઠ હજાર !''

કોઈએ કહ્યું, "મહારાજ ! આંબો શેઠ ખોટું બોલે છે. એમને ચાર દીકરા છે અને રૂપિયા બે લાખના આસામી છે.'' મહારાજે કહ્યું, "આંબા શેઠ ! આ વાત સાચી છે ?''

આંબા શેઠે કહ્યું, "મહારાજ ! દીકરા ચાર છે પણ એમાંથી બે સત્સંગ રાખે છે અને બે નથી રાખતા, એટલે એ બેને હું દીકરા ગણતો નથી.''

"રૂપિયા બે લાખ છે એ વાત સાચી, પણ એમાંથી સાઈઠ હજાર તમે રાજી થાવ એવા સારાં કામમાં વપરાયા છે માટે એ જ મારી સાચી મૂડી છે. બાકી રૂપિયા હું રૂપિયા ગણતો નથી.'' આંબા શેઠની સમજણ જોઈને મહારાજ અત્યંત રાજી થયા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'વ્યવહાર માર્ગ તો કાંઈ કઠણ નથી, પણ જ્ઞાનમાર્ગ કઠણ છે. કારણ કે વ્યવહારમાર્ગનું ફળ શુન્ય છે, જ્યારે જ્ઞાનમાર્ગનું ફળ ભગવાનનો સાક્ષાત્કાર છે.'

મનુષ્ય દેહ ધારણ કર્યો છે, સંસારમાર્ગમાં જોડાયા છીએ એટલે એની ફરજ પૂરી કરવી એ આપણી ફરજ બની રહે છે. પરંતુ સંસારની ફરજ પૂરી કરવાને જ - નોકરી, ધંધો, વેપાર વગેરેને જ મનુષ્યજીવનની ફરજ માની લઈએ તો મોટી નુકશાની વેઠવી પડે છે. જેમ પાણીને વલોવવાથી ફીણ અને રેતીને પીલવાથી પરસેવા સિવાય કશું મળતું નથી, એમ જ સંસારના વ્યવહાર કરવાથી કોઈ પ્રાપ્તિ થતી નથી.

વિહારીલાલજી મહારાજે હરિલીલામૃતમાં લખ્યું છે,

**'વારિને વલોવે માખણ ક્યાં થકી મળે,**
**રેતીને પિલાવે ક્યાંથી તેલ નીકળે ?'**

સંસારમાં ઊંડા ઊતરવાથી દુઃખની પ્રાપ્તિ થાય છે, તો ભગવાનમાં ઊંડા ઊતરવાથી સુઃખની પ્રાપ્તિ થાય છે. જે જે મહાપુરુષો અધ્યાત્મમાર્ગે ઊંડા ઉતર્યા છે એ સુખિયા થયા છે અને જે લૌકિક સુખની શોધમાં ફરતા પામર મનુષ્યો જેટલા લૌકિક વ્યવહારમાં ઊંડા ઊતર્યા છે એટલાં જ એ દુઃખી થયા છે.

માટે જ સંતોએ સંસારને મલોખડાનો માળો કહ્યો છે. એ તો છોકર રમત છે. જેમ બાવળને વાવી કેરી મળતી નથી, આકાશને ચાટવાથી સ્વાદ આવતો નથી તેમ સંસારને પૂરું જીવન સમર્પિત કરી દેનારને પણ કોઈ પ્રાપ્તિ થતી નથી.

આ દુઃખાલયમાં જો સુખ પૂર્વક જીવન જીવવું હોય તો સાંખ્યજ્ઞાનની આવશ્યકતા પડે છે. જો સાંખ્યજ્ઞાન સિદ્ધ કર્યું હશે-સંસારના સ્વરૂપને જાણ્યું હશે તો દુઃખમાં પણ સુખપૂર્વક રહી શકાશે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના સમયની વાત છે. એક બ્રાહ્મણના યુવાન પુત્રનું અચાનક અવસાન થયું. બ્રાહ્મણ તો દીકરાના વિયોગના દુઃખે રડી રડીને ગાંડા જેવો થઈ ગયો. તેમને ઘણા સમજાવ્યા પણ ન સમજ્યા ત્યારે એમને સ્વામી પાસે લઈ આવ્યા.

સ્વામીએ એ બ્રાહ્મણનો હાથ ઝાલી કહ્યું, "તારો એકનો એક દીકરો મર્યો એમાં રડ રડ શું કરે છે ? એ મર્યો એમાં કાંઈ ઉદેપુરની ગાદી ખાલી પડી ગઈ છે ? આમેય એ જીવતો હોત તો લોટ માંગીને પેટ ભરવું પડત. એ મર્યો એટલે ભિક્ષાનો એક ખડિયો ઓછો ! તેમાં રડી રડીને અડધો શું કામ થઈ જાય છે ?''

સ્વામીના ચોટદાર શબ્દો બ્રાહ્મણના હૃદયમાં લાગી ગયા. દુઃખ ઓછું થઈ ગયું અને બોલ્યો, "સ્વામી ! જો તમે મને ન બચાવ્યો હોત તો મારા દીકરા પાછળ હું પણ મરી ગયો હોત ! આપે મને દૃષ્ટિ આપીને મારા જીવને ઉગારી લીધો.''

આમ સમજણ આ સંસારમાં ખૂબજ જરૂરી છે, આવી સમજણ વિના જીવનમાં જીવ સુખ પ્રાપ્ત કરી શકતો નથી. માટે આપણા જીવનમાં સંસાર અને સત્સંગ બન્ને માર્ગની સમજણ દૃઢ થાય તેવી શ્રીહરિ તથા સદ્‌ગુરુઓના ચરણોમાં પ્રાર્થના.

# વર્ષ ૨૦૧૬-૧૭નું ઝળહળતું પરિણામ

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રવર્તીત સદ્વિદ્યાના કાર્યમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી સતત સફળતા મળતી રહે છે. ગુરુકુલમાં અભ્યાસ કરવા આવતા ગામડાના વિદ્યાર્થીઓ પણ સંતો અને શિક્ષકોના માર્ગદર્શન પ્રમાણે અભ્યાસ કરી પરિક્ષાઓમાં સફળતા મેળવે છે અને ગુરુકુલનું ગૌરવ વધારે છે. વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન લેવાયેલ બૉર્ડની પરિક્ષાઓમાં વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા મેળવી છે. પ્રથમ ક્રમાંકિત વિદ્યાર્થીઓની યાદી નીચે મૂજબ છે.

## SGVP ઇન્ટરનેશનલ સ્કુલ : કુલ ૧૦૦% પરિણામ

### ધોરણ-૧૦ (ICSE)

નચિકેત સોની
88.50%

આદિત્ય લાડ
88.17%

સાહીલ પરમાર
87.67%

### ધોરણ-૧૨ ISC (SCI)

પ્રેરક માંડલિયા
87.40%

પ્રતાપ ઓદેદરા
85.00%

દેવાંગ પટેલ
84.80%

## દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય - કુલ ૧૦૦% પરિણામ :

### ધોરણ-૧૦

દવે લખન
99.07 PR

જોષી હર્ષ
95.70 PR

દવે તેજસ
94.17 PR

### ધોરણ-૧૨

ખુંટ સહજ
99.80 PR

પંડ્યા પ્રતિક
99.61 PR

સાધુ હરિકૃષ્ણદાસ
99.41 PR

## શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ધોરણ ૧૦ નું કુલ પરિણામ : ૯૮ %

ગોંડલીયા ઋષિક
98.81 PR

જીંજાળા વિશાલ
97.91 PR

હરખાણી વિશાલ
97.80 PR

સોરઠીયા સંકેત
97.51 PR

જાદવ નિરવ
97.20 PR

## ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું કુલ પરિણામ : ૯૬ %

કાનાણી પીયુષ
99.08 PR

માથોલીયા રવિ
96.90 PR

કાનાણી કિર્તન
96.64 PR

શેખડા જય
95.96 PR

સાવલીયા પંકજ
95.44 PR

**ધોરણ ૧૨ સાયન્સ પ્રવાહનું પરિણામ : ૯૫ %**

પટાટ લાભા
94.55 PR

સાવલીયા આશિષ
91.98 PR

ગોલા પરેશ
91.44 PR

# સમાચાર દર્શન

## આમોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણના 'સર્વજીવહિતાવહ' સંદેશાને ફળિભૂત કરતી ગુરુકુલ સંસ્થા દ્વારા સતત નવા નવા સેવાકાર્યો ચાલતા રહે છે. એ સેવાકાર્યોની સાથે ઉત્સવને જોડી દેવો એ ગુરુકુલ અને એમના સંતોની મોટી ખાસીયત છે. ભગવાનના ભક્તો પોતાની ભક્તિ-શ્રદ્ધા ભગવાન પાસે રજુ કરે અને એ જ ભક્તિ-શ્રદ્ધા જ્યારે નાનામાં નાના માણસ સુધી પહોંચે ત્યારે ખરી રીતે ભગવાનની ઉપાસના થઈ ગણાય. માટે જ ગુરુકુલ દ્વારા થતા અન્નકૂટોત્સવ, આમ્રોત્સવ વગેરે ઉત્સવો જે રીતે ઉજવાય છે, એનાથી સર્વવ્યાપી પરમાત્મા અચૂક રાજી થતા હશે.

ઉનાળાનો સમય એટલે ફળોનો રાજા કેરીની મોસમ. આજના આ મોંઘવારીના સમયમાં દરેક વ્યક્તિમાટે આ ફળને ખરીદવું મુશ્કેલ પડે. ત્યારે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી ગુરુકુલમાં અનોખો આમ્રોત્સવ ઉજવાયો.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે તારીખ ૩-જૂન - હરિજયંતિના રોજ ભવ્ય આમ્રકૂટોત્સવનું આયોજન કરવામાં આવ્યું. આ મહોત્સવમાં અમદાવાદ, કચ્છ, ઉના, રાજકોટ વગેરે જુદા જુદા શહેરોમાંથી ભક્તજનોએ મોકલેલી ૯૦૦૦ કિલો ઉપરાંત કેરીઓ શ્રી ઘનશ્યામ મહારાજને ધરાવાવામાં આવી. ઘનશ્યામન મહારાજની નીશ્રામાં ધરાવેલ ભવ્ય આમ્રકૂટના દર્શન કરી સંતો-ભક્તોએ ધન્યતા અનુભવી. ત્યારબાદ 'ભાવ્યં દીનેશું વત્સલૈઃ' શ્રીજી મહારાજના આ સંદેશને અનુસરતા તમામ પ્રસાદરુપ કેરીઓ ગરીબોને વહેંચવામાં આવી. કાળા તડકામાં તનતોડ મહેનત કરતા દરિદ્રો અને એમના નાના નાના બાળકોને જ્યારે કેરી જમતા જોયા ત્યારે સ્વયંસેવકોની આંખો ભીંજાય ગઈ.

આ ઉપરાંત આ જ રીતે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે પણ પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પૂજ્ય ભંડારી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીના સાનિધ્યમાં આમ્રોત્સવ ઉજવાયો હતો. જેમાં શ્રી કષ્ટભંજન દેવની આગળ ૨૦૦૦ કિલો કેરી ધરાવવામાં આવી હતી. એ કેરીઓ પણ આસપાસના ગામડાઓમાં વસતા નાના નાના માણસો સુધી પહોંચાડી હતી.

## ગુરુકુલ પ્રિમીયર લીગ - GPL-7

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ SGVP ખાતે તારીખ ૨ એપ્રિલથી ૩ જૂન દરમિયાન **SGVP SURYA SPORTS ACADEMY** દ્વારા **GPL-7** (ગુરુકુલ પ્રિમીયર લીગ)ઑલ ઈન્ડીયા ઓપન ડે-નાઈટ ટેનીસ બોલ ક્રીકેટ ટુર્નામેન્ટ તથા સુપર સેવન ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બન્ને ટૂર્નામેન્ટમાં ૨૦૦ ઉપરાંત ટીમોએ ભાગ લીધેલ, જેની ફાઈનલ તારીખ ૩ જૂનના રોજ રમાઈ હતી. જેમાં 'માનસરોવર ઈલેવન' ટીમ વિજેતા રહી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, ટૂર્નામેન્ટના સ્પોન્સર્સ વિશ્રામભાઈ પટેલ (સીશલ્સ) વતી કૌશલભાઈ મહેતા વગેરે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમને ૨,૫૧૦૦૦ રૂપિયા, ટ્રોફી તથા રનર્સ અપ સાઈબાબા ઈલેવન ઈલેવનને ૧,૨૫૦૦૦ રૂપિયા તેમજ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત તૃતીય, ચતુર્થ સ્થાને રહેલ ટીમ, મેન ઑફ ધી મેચ, બેસ્ટ બોલર તથા બેસ્ટ બેટ્સમેનને રોકડ ઈનામ તથા ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. આ ટુર્નામેન્ટમાં કુલ મળીને ૧૫,૦૦૦૦ ઉપરાંત રકમના ઈનામો આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વિજય કન્ટ્રક્શન સીશલ્સના માલિક વિશ્રામભાઈ પટેલ વતી ઉપસ્થિત કૌશલભાઈ મહેતા તથા તેમના પિતાશ્રી જાદવભાઈનું પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ સન્માન કર્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના સર્વજીવહિતાવહ સંદેશાઓનો આજે **SGVP** દ્વારા દેશ-વિદેશમાં પ્રચાર-પ્રસાર થઈ રહ્યો છે, ત્યારે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સંતમંડળ આફ્રિકાના વિવિધ દેશોમાં સત્સંગ પ્રચાર અર્થે પધાર્યા હતા.

આ સત્સંગ વિચરણ દરમિયાન સાઉથ આફ્રિકા તેમજ આફ્રિકાના નાઇરોબી, મોમ્બાસા, કીચી, કીસુમુ, કેરીચો, કીટાલે, બુગોમા, એમ્બુ, મેરુ, મોશી, કંપાલા, ઝીંઝા, ટોરોરો વગેરે શહેરોમાં વસતા ભક્તજનોને સત્સંગ કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

ખાસ કરીને મોમ્બાસામાં મટવાપા પાસેના પ્રેમજી ફાર્મમાં પૂજ્ય સ્વામીજીના હસ્તે શ્રી સહજાનંદ ફિડીંગ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ સેન્ટરમાં દર રવિવારે સ્થાનિક આફ્રિકન લોકોના અઢી હજાર બાળકોને શુદ્ધ શાકાહારી પૌષ્ટિક ભોજન આપવામાં આવશે અને એનો તમામ ખર્ચ કાયમ માટે કેશવ કાન ફાઉન્ડેશન તથા મોમ્બાસા સિમેન્ટ ફેક્ટરીના માલિક શ્રી હસમુખભાઈ કાનજીભાઈ ભુડીયા તરફથી આપવામાં આવશે. ચોમાસામાં પણ બાળકોને જમવામાં વિક્ષેપ ન પડે એ માટે આ પરિવારે અહીં અઢી હજાર બાળકો એક સાથે ભોજન કરી શકે એવો હૉલ બનાવ્યો છે.

સ્વામીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, માનવ સેવાના મહાયજ્ઞરૂપ આ સહજાનંદ ફીડીંગ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરતાં મારા હૃદયમાં આનંદ અનુભવાઈ રહ્યો છે. આટલી મોટી સેવા કરવા બદલ કેશવ કાન ફાઉન્ડેશન તથા મોમ્બાસા સિમેન્ટ ફેક્ટરીના માલીક શ્રી હસમુખભાઈ કાનજી ભુડીયા તથા તેમજ ગંગાસ્વરુપ માતુશ્રી રતનબેન તથા ગંગાસ્વરૂપ ધનબાઈ તથા ગંગાસ્વરૂપ ભાનુબેન તથા શ્રીમતી પુષ્પાબેન વગેરે પરિવારને જેટલા અભિનંદન આપીએ એટલાં ઓછાં છે. આ પરિવારના દિવંગત આત્માઓ શ્રી કેશવજીભાઈ ભુડીયા, શ્રી કાનજીભાઈ ભુડીયા અને શ્રી અરવિંદભાઈ ભુડીયાના પવિત્ર આત્માઓને આજે સાચી અંજલિ અર્પણ થઈ છે.

આ પરિવાર દ્વારા મોમ્બાસા કાઉન્ટીની સ્કુલોના બાળકોને તથા ગામડાઓમાં દરરોજ પચાસ હજાર બ્રેડ અને દસ લાખ લીટર મીનરલ વૉટર પૂરુ પાડવામાં આવે છે. આ પરિવાર આ સેવા માટે દર મહિને પાંચ કરોડ રૂપિયાથી વધારે ખર્ચ કરે છે.

ઉપરાંત આ પરિવારે સહજાનંદ સ્પેશ્યલ સ્કુલનું નિર્માણ કર્યું છે, એમાં સાતસોથી વધારે દિવ્યાંગ બાળકોને ભોજન-શિક્ષણની તમામ સુવિધાઓ આપવામાં આવે છે. ખરેખર આ પરિવારનું સેવાકાર્ય માત્ર કચ્છ માટે નહીં, સમસ્ત ભારતીય ભાઈ-બહેનો માટે અનુકરણીય, ઉદાહરણીય અને ગૌરવરૂપ છે.

આ સેવાકાર્ય બાદલ ભગવાન શ્રી સ્વામિનારાયણ આ સમસ્ત પરિવાર ઉપર તેમજ આ કાર્યમાં સ્વયંસેવક તરીકે સેવા કરનારા સર્વ ભાઈ-બહેનો ઉપર રાજી થશે.

આ પ્રસંગે આટલા મોટા સેવાકાર્યના સ્પોન્સર શ્રી હસમુખભાઈ ભુડીયાએ જણાવ્યું હતું કે, અમારો પરિવાર તો નિમિત્તમાત્ર છે. ખરા યશના ભાગીદાર તો અમારી સામે બેઠેલા આ મોમ્બાસાના નિષ્કામ સેવાભાવી શ્રેષ્ઠીઓ છે. તેઓ કરોડપતિ છે છતાં દર રવિવારે સમય કાઢીને અહીં બાળકોને જમાડવા માટે આવે છે. બાળકો માટે શુદ્ધ શાકાહાર ખોરાક તૈયાર કરે છે અને પ્રેમથી બાળકોને માવતરની જેમ જમાડે છે. અમે સંપત્તિનું દાન કરીએ છીએ, પરંતુ ખરા યશના ભાગીદાર શ્રી રશ્મીભાઈ ચંદરીયા, મુલચંદભાઈ કચરાભાઈ, જીતુભાઈ હરીયા, વિજયભાઈ શાહ, શાંતિલાલ શાહ વગેરે શ્રેષ્ઠીઓ છે.

વિશેષમાં આ પ્રસંગે શ્રી હસમુખભાઈ ભુડીયા પરિવાર તરફથી અઢી હજાર બાળકોને સ્વામીશ્રી તથા હસમુખભાઈના હસ્તે સ્કૂલબેગોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ બેગોમાં બાળકોને આનંદ આપે એવી નાની-મોટી ગીફ્ટ ભરવામાં આવી હતી.

આ ઉપરાંત અહીં છ એકર જમીનમાં હૃદય સમાન મહાદેવજીની સ્થાપના કરવામાં આવી છે. અહીં બાળકો માટેનું ભોજનકેન્દ્ર હોવાથી સ્વામીજીએ મહાદેવજીનું નામ બાલેશ્વર મહાદેવ જાહેર કર્યું હતું.

આ પ્રસંગે શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, શ્રી રામદેવ મંદિર, શ્રી હરેકિષ્ન ટેમ્પલ, શ્રી રાધાકિષ્ન ટેમ્પલ, શ્રી હિન્દુ યુનિયન વગેરે પ્રસિદ્ધ ધાર્મિક સંસ્થાઓના પ્રમુખશ્રીઓ, અગ્રણી કાર્યકર્તાઓ તેમજ મોમ્બાસાના ભાઈ-બહેનોનો વિશાળ સમુદાય ઉપસ્થિત રહ્યો હતો.

ઉપરાંત મોમ્બાસા કાઉન્ટીના ગવર્નરના પ્રતિનિધિશ્રી તથા મોમ્બાસા કાઉન્ટીના એમ.એલ.એ. વગેરે સ્થાનિક રાજકીય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા

હતા. આ પ્રસંગે નાઈરોબીથી કે. સોલ્ટના માલિક શ્રી કે. વરસાણી, પરબતભાઈ કેનન એલ્યુમિનિયમ તેમજ ભીમજીભાઈ રાઘવાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ સત્સંગ યાત્રામાં પૂજ્ય સ્વામીજી સાથે પૂજ્ય ધર્મપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય રામસુખદાસજી સ્વામી, પૂજ્ય વેદાંતસ્વરૂપદાસજી સ્વામી, પૂજ્ય કુંજવિહારીદાસજી સ્વામી, પૂજ્ય નારાયણચરણદાસજી સ્વામી, પૂજ્ય વિશ્વમંગલદાસજી સ્વામી, પાર્ષદ ઘનશ્યામ ભગત વગેરે સંતો જોડાયા હતા.

## ગ્રંથ વિમોચન સમારોહ, મુંબઇ

આદરણીય શ્રી સુરેશભાઈ દલાલ દ્વારા પ્રસ્થાપિત ઈમેજ પબ્લિકેશન દ્વારા તારીખ ૧૮ જૂન- રવિવારના રોજ મુંબઈ ખાતે ભાઈદાસ સભાગૃહમાં ભવ્ય ગ્રંથ વિમોચન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિશ્વવંદનીય સંત શ્રી મોરારિ બાપુ તથા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ 'હું ઈશ્વરમાં માનું છું, કારણ કે...' તથા 'દેવભૂમિ તિબેટ' આ બે ગ્રંથોનું વિમોચન કર્યું હતું.

'હું ઈશ્વરમાં માનું છું, કારણ કે...' આ ગ્રંથનું સંપાદન શ્રી ઉત્પલભાઈ ભાયાણી, શ્રી હિતેન આનંદપરા તથા આપૂર્વ આશર દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના વિવિધ ક્ષેત્રની મહાન વ્યક્તિઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે.

'દેવભૂમિ તિબેટ' ગ્રંથ એક આધ્યાત્મિક પ્રવાસ કથા છે. જેના લેખક સ્વામી માધવપ્રિયદાસજી છે. આ ગ્રંથમાં આધ્યાત્મિક, રાજકીય તેમજ સાંસ્કૃતિક રીતે દેવભૂમિ તિબેટનું રોચક વર્ણન કરેલું છે.

'દેવભૂમિ તિબેટ' સાથે ભારતનો લાખો વર્ષ જૂનો નાતો રહ્યો છે. દેવભૂમિ તિબેટ ખરેખર દેવતાઓની રમણભૂમિ છે. હાલમાં અહીં બૌધ ધર્મનો જબરો પ્રભાવ જોવા મળે છે. આ ગ્રંથમાં લેખકે આ બધા વિષયો ઉપર સારો પ્રકાશ પાડ્યો છે.

આ પ્રસંગે સુપ્રસિદ્ધ સિને કલાકાર શ્રી મનોજ જોષીએ ગદ્‌ગદ્ કંઠે પોતાના જાતઅનુભવો વર્ણવ્યા હતા અને પોતે કઈ રીતે ઈશ્વરમાં માનતા થયા તેનું અશ્રુભીની આંખે વર્ણન કર્યું હતું.

પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, "નાસ્તિકના ગર્ભમાં પાકેલી આસ્તિકતા આંબે પાકેલી કેરી જેવી મધૂર હોય છે. ઈશ્વરને માનવા કરતાય માણવાની જરૂર છે. ઈશ્વરને કોઈ તર્કથી સિદ્ધ કરી શકાય કે પામી શકાય એમ નથી. શ્રદ્ધા, પ્રેમ અને સદ્‌ગુરુની કૃપાથી જ ઈશ્વરને પામી શકાય છે."

પૂજ્ય મોરારિબાપુએ પોતાની આગવી શૈલીમાં જણાવ્યું હતું કે, "ઈશ્વરને માનવા - ન માનવાથી એમને કોઈ ફરક પડતો નથી, પરંતુ આપણે ઈશ્વરને જાણવો જોઈએ. વામન ભગવાને ત્રણ પગલા ભર્યા હતા, એમ આપણે ઈમેજ દ્વારા ત્રણ પગલા ભરવાના છે. એમાંથી પહેલું પગલું 'હું ઈશ્વરમાં માનું છું, કારણ કે...' ગ્રંથ છે, જે પૂર્ણ થયું. બીજું પગલું છે 'હું ઈશ્વરને જાણું છું' અને ત્રીજું પગલું છે 'હું ઈશ્વરને પામું છું.' માનવા કરતાં જાણવાનું મહત્વ વધારે છે, જાણવા કરતાં પામવાનું મહત્વ વધારે છે."

આ ઉપરાંત ઈમેજ પબ્લિકેશનના ટ્રષ્ટી શ્રી નવીનભાઈ દવે, શ્રી ઉત્પલભાઈ ભાયાણી, શ્રી અપૂર્વ આશર વગેરેએ પણ આ પ્રસંગે પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યા હતા.

આજ રોજ ભારત-પાકિસ્તાનની રસપ્રદ ક્રિકેટ મેચ હોવા છતાં આખો હૉલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. પ્રતાપભાઈ પટેલની ઉપસ્થિતિ પ્રસંગને દીપાવતી હતી. સભાસંચાલન મુકેશ જોપીએ કર્યું હતું.

## મ્યુઝીક સમરકેમ્પ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે અનેકવિધ સેવાપ્રવૃતિઓ ચાલે છે, જેમાં થોડા જ સમયમાં પ્રેમાનંદ મ્યુઝીક એકેડેમીએ ખૂબ જ પ્રગતી સાધી છે. તાજેતરમાં ઉનાળાના વેકેશન દરમિયાન એકેડેમી દ્વારા મ્યુઝીક સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ શહેરમાંથી ત્રણસો જેટલા બાળકોએ જોડાઈ સંગીતમાં ગાયન તથા વાદનમાં તબલા, કી-બૉર્ડ, વાંસળી, વાયોલીન, ઓક્ટોપેડ, ગીટાર વગેરેની તાલીમ લીધી હતી.

કેમ્પની પૂર્ણાહુતિ પ્રસંગે બાળકોએ એક મહિના દરમિયાન મેળવેલ તાલીમનું નિર્દેશન કર્યું હતું. આ ઉપરાંત આયોજકોએ બાળકો માત-પિતા પ્રત્યે આદર રાખતા શીખે એ માટે ખાસ માતૃ-પિતૃ વંદના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં સંગીતની તાલીમ મેળવેલ તમામ બાળકોએ પોતાના માતા-પિતાનું પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે પૂજ્ય સંતોએ પણ આશીર્વાદ પાઠવ્યા હતા.

## શ્રદ્ધા સુમન

**અ.નિ. શ્રી રાજેશભાઇ મૂળજીભાઇ પટોળિયા:-** અમદાવાદ નિવાસી અને ગુરુકુલના સન્નિષ્ઠ સેવક શ્રી રાજેશભાઈ પટોળિયા ખૂબ જ નાની ઉંમરે તારીખ ૮ જુનના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલની સેવા પ્રવૃત્તિઓમાં દોડી દોડીને સેવા કરનારા, ઉત્સાહી અને સંતોમાં અપાર હેતવાળા રાજેશભાઈના અકાળે અક્ષરવાસથી સમગ્ર ગુરુકુલ પરિવાર તથા પટોળિયા પરિવાર ભારે દુઃખની લાગણી અનુભવે છે અને એક સેવકની ખોટ અનુભવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ રાજેશભાઈના પવિત્ર આત્માને પોતાનું અખંડ સુખ અર્પે તથા તેમના પરિવારજનો સુપુત્ર બ્રીજેશ, ભાઈઓ શ્રી સુધીરભાઈ, જગદીશભાઈ, સંજયભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી લાલજીભાઇ ડાયાભાઇ ચોડવડીયા** :- ગામ વિરપુર (ગઢિયા) નિવાસી શ્રી લાલજીભાઈ ચોડવડીયા ૭૦ વર્ષની ઉંમરે ૨૭ મેના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાનમાં અતિ હેતવાળા લાલજીભાઈના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્ર પ્રફુલભાઈ તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી રવજીભાઇ કરશનભાઇ નાથાભાઇ કેરાઇ** :- કુંદનપુર (કચ્છ) નિવાસી શ્રી રવજીભાઈ કેરાઈ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. રવજીભાઈ વર્ષોથી ગુરુકુલ તથા તેની સેવાપ્રવૃત્તિ સાથે જોડાયેલા હતા. એમના સુપુત્રો પણ સંતો તથા સંસ્થા સાથે જોડાયેલા છે. ભક્તિભાવથી ભરેલો આ પરિવાર સત્સંગની ખૂબજ સેવાઓ કરે છે. રવજીભાઈના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રો શ્રી વિનોદકુમાર, પ્રેમજીભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી નરેન્દ્રભાઇ રત્નાભાઇ પીપળિયા** :- ગામ રીબ હાલ રાજકોટ નિવાસી પ.ભ શ્રી નરેન્દ્રભાઈ પીપળિયા ૯૦ વર્ષની ઉંમરે ૧૬ મેના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, માનત સ્વામી, જોગી સ્વામી વગેરે મહાન સંતોના કૃપાપાત્ર નરેન્દ્રભાઈ ગુરુકુલના અભિન્ન સેવક હતા. વર્ષોથી રાજકોટમાં રહી ગુરુકુલની સેવાપ્રવૃત્તિઓ સાથે જોડાયેલા હતા. ભગવાનમાં અતિ હેતવાળા નરેન્દ્રભાઈના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રો શ્રી મનસુખભાઈ, યશવંતભાઈ, નલીનભાઈ, અરવિંદભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી યશ દિનેશભાઇ ખીમાણી** :- ગામ દહીંસરા - કચ્છ નિવાસી શ્રી યશકુમાર ખીમાણી ૧૮વર્ષની ઉંમરે ૧૩ જૂનના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ખૂબ જ નાની ઉંમરે યશનો અક્ષરવાસ થવાથી પૂરોએ પરિવાર ખૂબ જ આઘાત અનુભવે છે. ઉત્સાહી અને સંસ્કારી યશની ખોટ સહુને પડશે. ભગવાન યશના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા દિનેશભાઈ, દર્શન વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી જોષનાબેન કીશનભાઇ** :- ગામ રાજકોટ હાલ ડીટ્રોઈટ અમેરિકા નિવાસી શ્રી જોષનાબેન એક અકસ્માતમાં મૂર્તિના સુખે સુખિયા થયા છે. ભગવાન શ્રીહરિ જોષનાબેનના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા કીશનભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

**અ.નિ. શ્રી પ્રેમબાઇ નારાયણભાઇ** :- ગામ આથમણું સુખપુર હાલ કેન્યા નિવાસી શ્રી પ્રેમબાઈ ૮૭ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. મહારાજ એમને પોતાના સુખે સુખિયા રાખે તથા રામજીભાઈ, ધનજીભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

## ગુરુકુલમાં રસોઇ

**છારોડી ગુરુકુલ**

પ.ભ. શ્રી ચંદ્રકાંતભાઈ ગોહીલ, ગાંધીનગર
પ.ભ. શ્રી અશ્વીનભાઈ ચોવટીયા, સુરત
પ.ભ. શ્રી જય કમલેશભાઈ પટેલ, પુંસરી

**અમદાવાદ ગુરુકુલ**

પ. ભ. શ્રી રમેશભાઈ ખોડાભાઈ શિરોયા, અમદાવાદ
પ. ભ. શ્રી વજુભાઈ સખીયા, રાજકોટ
પ.ભ. શ્રી બલભદ્રસિંહજી ડી. ચુડાસમા, ગાંધીનગર

## આગામી આયોજન

તા. ૨/૭/૧૭, રવિવાર : **શ્રીહરિ જયંતી** : શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક, રાજોપચાર પૂજન તથા આમ્રોત્સવ, મેમનગર ગુરુકુલ
તા. ૨/૭/૧૭, રવિવાર : **સુહૃદસભા** : સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ.
તા. ૪/૭/૧૭, મંગળવાર : **દેવશયની એકાદશી**: કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.
આજથી ચાતુર્માસનો પ્રારંભ થતો હોવાથી મહારાજને રાજી કરવા ભજન-ભક્તિના વિશેષ નિયમ લેવા.
તા. ૯/૭/૧૭, રવિવાર : **ગુરુપૂર્ણિમા મહોત્સવ** : સાંજે ૪:૦૦ કલાકે, છારોડી ગુરુકુલ.
તા. ૨૦/૭/૧૭, ગુરુવાર : **કામિની એકાદશી** : રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ

અમદાવાદ ગુરુકુલ ખાતે યોજાયેલ આમ્રોત્સવમાં ૯૦૦૦ કિલો કેરી શ્રી ઘનશ્યામ મહારાજને ધરાવવામાં આવી હતી. સંતોની સાથે યુવાનોએ અમદાવાદની ગલીઓમાં ફરી ભગવાનના પ્રસાદરૂપ કેરીઓનું વિતરણ કર્યું હતું.

હનુમાનજી મહારાજના સાનિધ્યમાં યોજાયેલ આમ્રોત્સવ, દ્રોણેશ્વર ગુરુકુલ

GPL-7 ની ફાઇનલમાં વિજેતા ટીમને પ્રોત્સાહિત કરતા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા મહાનુભાવો

દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે યોજાયેલ બાલસત્સંગ શિબિરમાં ૬૦૦ જેટલા બાલ-બાલિકાઓએ જોડાઇ સત્સંગના સંસ્કાર મેળવ્યા હતા.

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

પૂજ્ય સ્વામીજી દ્વારા લખાયેલ દેવભૂમિ તિબેટ તથા છમેજ દ્વારા સંપાદિત ગ્રંથના વિમોચન પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય મોરારિ બાપુ,
પૂજ્ય સ્વામીજી, નવિનભાઇ દવે, મનોજ જોષી, પાર્થીવ ગોહીલ વગેરે મહાનુભાવો, મુંબઇ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદને આંગણે
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાનિધ્યમાં

# ગુરુપૂર્ણિમા મહોત્સવ

**તારીખ**
૯ જુલાઇ, ૨૦૧૭

**સમય**
સાંજે ૪:૦૦ કલાકે

ગુરુ પૂજનના પાવન પ્રસંગે ભવસાગરના તારણહાર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ,
પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, પૂજ્યપાદ શ્રી જોગીસ્વામી તથા સદ્‌ગુરુ સંતોનું પૂજન કરી ધન્યભાગી બનીએ.



Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat